કર આયોજનની પ્રકૃતિ અને તેનો વ્યાપ : (Nature and Scope of Tax Planning)

પરિચય અને હેતુઓ : કરવેરા એ એક એવી બાબત છે કે જે ભરવાનું કોઈ પસંદ કરતું નથી.

કારણ કે દરેકને લાગે છે કે પોતાની મહેનતનું ફળ સરકાર લઈ જાય છે. વળી, ભારતમાં ભ્રષ્ટાચાર એટલો વ્યાપક બન્યો છે કે બધાં જ કરોડો અને અબજો રૂપિયા ભેગાં કરી લેવા હોડ લગાવી રહ્યાં કે. અધિકારીઓ પોતાના હોદ્દાની રૂએ સરકારી નાણાંનો પોતાના અંગત લાભ માટે મોટા પ્રમાણમાં દુરુપયોગ કરે છે કે કોઈ પણ પ્રમાણિક નાગરિકને કર ભરતાં પોતાને અન્યાય થતો હોય એમ લાગે છે. છતાં દરેક સરકારે કરવેરા તો ઉઘરાવવા જ પડે અને દરેક નાગરિકે કરવેરા ભરવા જ પડે છે. તેમાંય સૌથી વધુ નકારાત્મક કર એ આવકવેરો છે અને તેથી દરેક કરદાતા ઓછામાં ઓછો કર ભરવાનો પ્રયત્ન કરે છે અને બને તો કર ચૂકવવાનો જ ન થાય તેવા પ્રયત્નો કરે છે. વધુ પ્રમાણિક કરદાતા કરવેરાનું આયોજન એ રીતે કરે છે કે જેમાં કરવેરાના કાયદાની જોગવાઈઓનો મહત્તમ લાભ લઈ ઓછામાં ઓછો કર ભરવો પડે. આમ, કેટલાક કરચોરી કરે છે, જેમાં તેની આવક પર કર ભરવાનો થતો હોય તો પણ તે કર ભરતો નથી, જેને કરચોરી કહી શકાય. કેટલાક એવા પ્રયત્નો કરે છે કે જેમાં કરવેરાના કાયદાની છટકબારીઓનો ગેરલાભ ઉઠાવી કર ઓછામાં ઓછો ભરવો પડે.

આને કર પરિવર્જન કે કર ભરવાનું ટાળવું કહી શકાય. જ્યારે કેટલાક કાયદાની કરમુક્તિની જોગવાઈઓનો વધુમાં વધુ લાભ ઉઠાવવાની વ્યવસ્થા કરે છે. આને કરવેરા આયોજન કહેવામાં આવે છે. અહીં કોઈ ગેરકાયદેસર કામ કરવામાં આવતું નથી કે કાયદાની કોઈ છટકબારીનો દુરુપયોગ કરવામાં આવતો નથી

કરચોરી (Tax Evasion):

જે ઉપાયો દ્વારા ગેરકાયદેસર રીતે કર ઓછો ભરવામાં આવે છે તેને કરચોરી કહી શકાય. જ્યારે કરવેરાના સત્તાવાળાઓ આવી કરચોરી શોધી કાઢે ત્યારે કરદાતા શિક્ષાને પાત્ર બને છે. કરચોરી માટે કરદાતા નીચેના રસ્તાઓ અપનાવે છે :

(૧) તે ખરેખર થયેલી આવક છૂપાવે છે અને તેના પર થતો આવકવેરો ભરતો નથી.

(૨) ખરેખર થયા હોય તેના કરતાં ઘણા વધુ ખર્ચ બતાવે છે અને આ રીતે આવક ઓછી બતાવી કર બચાવે છે.

(૩) ખોટાં હિસાબો રજૂ કરીને પણ ઓછો કર ભરવામાં આવે છે. કેટલીક વાર તો કાયદા મુજબ કરદાતાએ હિસાબના ચોપડા રાખવા જરૂરી હોવા છતાં, તે ચોપડા રાખતો નથી અને નક્કી કરેલ આવક પ્રમાણે ખોટા હિસાબો બનાવે છે.

(૪) જાણીબૂઝીને નિયમોનો ભંગ કરવામાં આવે. દા. ત., કોઈ એક શહેરમાં સરકારી નિયમ પ્રમાણે કરવેરામાં છૂટછાટો મળતી હોય તો તે શહેરના નામે બિલો બનાવી કરવેરાની છૂટછાટનો લાભ લેવો.

(૫) મિલકતના વેચાણથી થતો મૂડીનફો આવકવેરાના પત્રકમાં નહિ દર્શાવીને કર બચાવવામાં આવે છે.

(૬) 'બેનામી વ્યવહારો' દ્વારા કર બચાવવામાં આવે છે.

(૭) અંગત ખર્ચ ધંધા-વ્યવસાયના ખર્ચ તરીકે દર્શાવીને કર બચાવવામાં આવે છે.

કર પરિવર્જન (Tax Avoidance):

કર ભરવાનું ટાળવું કે કર પરિવર્જન પણ ઓછો ભરવાની એક યુક્તિ છે, પરંતુ તેમાં કાયદાની છટકબારીના લાભ લેવામાં આવે છે અને એ રીતે કર ઓછો ભરવામાં આવે છે. બીજાં શબ્દોમાં કહીએ તો કાયદાની

જોગવાઈઓનો ભંગ કર્યા વિના કર ઓછો ભરવાની યુક્તિ એટલે કર પરિવર્જન અહીં કરદાતા કોઈ કાયદાની જોગવાઈઓનો લાભ લેવા ગૂંચવણભરેલી યુક્તિ પ્રયુક્તિઓ કરે છે, પરંતુ તેમાં તેનો ઉદ્દેશ ખોટી રીતે કર બચાવવાનો હોય છે. એવી કોઈ યુક્તિ કે જેમાં કાયદાનું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું હોય, પરંતુ જેનો ઉદ્દેશ કાયદો ઘડનારાઓના ઇરાદાથી વિરુદ્ધનો હોય તેને કર પરિવર્જન કહેવાય.

કર પરિવર્જન માટે નીચેની યુક્તિઓનો ઉપયોગ થાય છે: (૧) દંભી કે આભાસી યુક્તિઓનો (Colourable devices) ઉપયોગ (૨) એવી યુક્તિઓ જે દ્વારા કાયદાનો મૂળભૂત ઉદ્દેશ જ માર્ચ 1 જાય છે. (૩) જેમાં 'કાયદાનું હાર્દ' પરાજિત થતું હોય. (૪) હકીકતની ગેરરજૂઆત કે વિકૃત રીતે રજૂઆત થઈ હોય. (૫) કાયદાનું ચુસ્તપણે અર્થઘટન કરતાં યોજના બરાબર હોય, પરંતુ કાયદાના ઇરાદો નષ્ટ થતો હોય.

કરાવેરા નું આયોજન(Tax Planning): :

કરવેરાનું આયોજન સંપૂર્ણપણે કાયદેસર છે અને એ રીતે કર બચાવવા માટે કરદાતા કાયદા દ્વારા મળતી કપાતો, કરમુક્તિ, રિબેટ, રાહતો વગેરેનો લાભ લે છે. એટલે કરવેરા આયોજનને કરચોરી કે કર પરિવર્જનની કક્ષામાં મૂકી શકાય નહિ. જો મેકડોવેલના કેસનું અર્થઘટન કરીએ તો કરવેરા

આયોજનમાં નીચેનાં લક્ષણો હોય છે :

(૧) તેમાં કાયદો ઘડનારાઓના મૂળભૂત ઇરાદાઓનું પ્રતિબિંબ હોય છે.

(૨) કરવેરાના કાયદામાં જે પ્રોત્સાહકોની જોગવાઈ હોય છે તેનો લાભ લેવામાં આવે છે. દા.ત., પછાત વિસ્તારમાં કારખાનું નાખી ૧૦ વર્ષ સુધી કરમુક્તિનો લાભ લેવો.

(૩) પોતાના નાણાકીય વ્યવહારોની સમગ્ર શ્રેણીનું એ રીતે આયોજન કરવું કે જેથી દરેક વ્યવહાર કાયદેસર રીતે યોગ્ય ગણાય અને છતાં કરવેરાનો બોજ ઓછો થાય.

(૪) કરવેરા ઘટાડવા કોઈ દંભી કે પાખંડી અથવા છેતરપિંડી કરે એવી યોજનાનો કરવેરા આયોજનમાં સમાવેશ થતો નથી.

આમ, કરવેરા આયોજન મેકડોવેલ કેસની મર્યાદામાં આવતું નથી. કોઈ પણ જાતનું આયોજન જે દ્વારા કરનો બોજ ઓછો થાય તેને મેકડોવેલ કેસનો ચુકાદો અટકાવતો નથી કે ગેરકાયદેસર ગણતો નથી.

કરવેરા નું સંચાલન(Tax Management):

'કરવેરા આયોજન' (tax planning) માટે ધંધાકીય વ્યવહારોનું યોગ્ય પ્રબંધન (management) અનિવાર્ય છે કે જેને પરિણામે કરવેરાની જવાબદારી ઘટાડી શકાય કે લઘુતમ ધોરણે રાખી શકાય છે. Tax Management વગર Tax Planning શક્ય નથી. સંબંધિત કાયદાઓની જોગવાઈઓનું પાલન કરવું એ જ યોગ્ય કરવેરા વહીવટનો પાયો છે. કરવેરા સંચાલનમાં નીચેની કેટલીક બાબતોનો ખાસ સમાવેશ થાય છે.

(i) મૂળસ્થાને કર કપાત (TDS);

(ii) એડવાન્સ ટેક્સ અને સ્વ-નિર્ધારિત ટેક્સની ચુકવણી;

(iii) માગણી મુજબ ટેક્સની ચુકવણી;

(iv) કલમ ૪૪AA હેઠળ હિસાબો રાખવા;

(v) કલમ ૪૪AB હેઠળ હિસાબોનું ઑડિટ;

(vi) ઉપકર (cess), ડ્યૂટી કે ફી તથા કર્મચારીઓને બોનસ અને કમિશનની ચુકવણી;

(vii) કલમ ૧૩૯ હેઠળ આવકનું પત્રક ભરવું;

(viii) ટેક્સને લગતાં દસ્તાવેજો અને ફાઈલોની જાળવણી;

(ix) ટેક્સ સત્તાધીશો તરફથી મળેલ ઓર્ડર્સની સમીક્ષા